દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૩૧ માર્ચ, ૨૦૨૬

# અમેરિકા પછી યુરોપિયન દેશો પણ માઈગ્રન્ટો પ્રત્યે સખત બનવા માંડ્યા

ઘૂસણખોરી, માઇગ્રેશન, રાજ્યાશ્રય આ શબ્દો પશ્ચિમી દેશોને ભારે પરેશાન કરી રહ્યા છે. પશ્ચિમી દેશોની સમૃદ્ધિને કારણે અને તેમની ઉદાર નીતિઓને કારણે દુનિયાભરમાંથી લોકો આ દેશો તરફ આકર્ષાય છે અને અશાંતિગ્રસ્ત પ્રદેશોમાંથી નિરાશ્રિતોના ધાડેધાડા આ દેશોમાં પ્રવેશવાનો પ્રયાસ કરે છે. અમેરિકાને ખાસ કરીને હોન્ડુરાસ, ગ્વાટેમાલા, કોલંબિયા જેવા લેટિન અમેરિકન દેશોમાંથી પ્રવેશતા જનસમૂહોની સમસ્યા પરેશાન કરે છે તો યુરોપિયન દેશોને પશ્ચિમ એશિયાના અશાંત દેશો અને કેટલાક ભયંકર ગરીબ અને ગૃહ યુદ્ધ જેવી સમસ્યાઓમાં સપડાયેલા આફ્રિકન દેશોમાંથી આવતા નિરાશ્રિતોની સમસ્યા હેરાન કરે છે. આ ઉપરાંત અન્ય દેશોમાંથી થતી છૂટક ગેરકાયદે ઘૂસણખોરી તો ખરી જ. પરંતુ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે જે રીતે ગેરકાયદે ઇમિગ્રન્ટો અને નિરાશ્રિતો વગેરે માટે કડક નીતિઓ અપનાવી તે જ રીતે હવે કેટલાક યુરોપિયન દેશો પણ આવી નીતિઓ અપનાવવા માંડ્યા છે.

2024માં કેટલાક દેશોમાં જમણેરી પક્ષો સત્તામાં આવ્યા બાદ યુરોપિયન યુનિયન(EU) માઇગ્રેશનની નીતિઓને વધુ કડક બનાવી રહ્યું છે. સેન્ટર-રાઇટ 'યુરોપિયન પીપલ્સ પાર્ટી' ગઠબંધન સાથે જોડાયેલા યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું હતું કે, નવા પગલાં 2015 જેવી કટોકટીનું પુનરાવર્તન અટકાવશે. ઉલ્લેખનીય છે કે 2015માં સીરિયાના ગૃહયુદ્ધને કારણે આશરે દસ લાખ લોકો આશ્રય મેળવવા માટે યુરોપ પહોંચ્યા હતા. યુરોપના કટ્ટર જમણેરી પક્ષોએ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હકાલપટ્ટીની નીતિઓની પ્રશંસા કરી છે અને EU ને આવો જ અભિગમ અપનાવવા હાકલ કરી છે. બીજી તરફ, માનવાધિકાર જૂથોએ ચેતવણી આપી છે કે સત્તાવાળાઓ પહેલેથી જ ગેરકાયદેસર રીતે સ્થળાંતરિતોને EUની સરહદો પરથી પાછા ધકેલી રહ્યા છે અને તેમના કાયદાકીય રક્ષણને નબળું પાડી રહ્યા છે.

જર્મની, ઓસ્ટ્રિયા, નેધરલેન્ડ, ડેનમાર્ક અને ગ્રીસ સહિતના EU (યુરોપિયન યુનિયન) રાષ્ટ્રોનું એક અનૌપચારિક જૂથ ડિપોર્ટેશન સેન્ટર (હકાલપટ્ટી કેન્દ્રો) માટે કરાર કરવાના પ્રયાસો કરી રહ્યું છે, તેમ સ્વીડિશ ઇન્સ્ટિટ્યૂટ ફોર યુરોપિયન પોલિસી સ્ટડીઝના સંશોધક બર્ન્ડ પારુસેલે જણાવ્યું હતું. યુરોપિયન પાર્લમેન્ટના ડચ સભ્ય ટીનેકે સ્ટ્રિકે જણાવ્યું કે, તેઓ જે દેશો સાથે વાત કરી રહ્યા છે તેમાં કેન્યા એક છે. તેમણે ઉમેર્યું કે, સભાનપણે હોય કે ન હોય, આ યોજના ટ્રમ્પ દ્વારા એલ સાલ્વાડોર જેવા રાષ્ટ્રો સાથે કરવામાં આવેલા કરારો જેવી જ છે, જેમાં દેશનિકાલ કરાયેલા સ્થળાંતરિતોને સ્વીકારવાની વાત હતી. સ્વીડનના માઇગ્રેશન મંત્રીએ જણાવ્યું છે કે રૂઢિચુસ્ત શાસક ગઠબંધન યુરોપની બહાર, ખાસ કરીને અફઘાન અને સીરિયન આશ્રય શોધનારાઓ માટે કેન્દ્રો સ્થાપવાની મંજૂરી આપે છે. EU અને આંતરરાષ્ટ્રીય કાયદામાં 'નોન-રિફાઉલમેન્ટ'ના સિદ્ધાંત હેઠળ, વ્યક્તિને એવા દેશમાં પાછી મોકલી શકાતી નથી જ્યાં તેને સતાવણીનો સામનો કરવો પડે. પરંતુ યુરોપિયન ઇમિગ્રેશન અમલીકરણની રણનીતિઓમાં કહેવાતા પુશબેકનો સમાવેશ થાય છે, જેમાં EUમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા લોકોને આશ્રયની પ્રક્રિયાની તક આપ્યા વિના સરહદ પાર પાછા ધકેલી દેવામાં આવે છે.માનવતાવાદી સંસ્થાઓના જૂથ દ્વારા ફેબ્રુઆરીના અહેવાલ મુજબ, યુરોપમાં સત્તાવાળાઓ દરરોજ સરેરાશ 221 પુશબેક કરે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે 2025 માં 80,000 થી વધુ પુશબેક નોંધાયા હતા, જે મોટે ભાગે ઇટાલી, પોલેન્ડ, બલ્ગેરિયા અને લાટવિયામાં થયા હતા. સ્પષ્ટ છે કે યુરોપિયન દેશો પણ ગેરકાયદે માઇગ્રન્ટો પ્રત્યે સખત બની રહ્યા છે.

## ખુદી કો કર બુલંદ ઈતના



શાયર ઈકબાલનો પ્રસિદ્ધ શેર છે- 'ખુદી તો કર બુલંદ ઇતના કી હર તકદીર સે પહેલે ખુદા બંદે સે ખુદ પૂછે બતા તેરી રજા ક્યાં હૈ' આ પ્રસિદ્ધ શેર સાથે જોડાયેલી એક પ્રેરણાત્મક વાત છે. શાયર ઇકબાલ પાસે એક યુવાન આવ્યો અને બોલ્યો, 'મારે મારા જીવનને ભવ્ય બનાવવું છે.'શાયર ઈકબાલ બોલ્યા, 'વાહ, સરસ મજાનો ખ્યાલ છે. શેની રાહ જુઓ છો મંડી પડો.'યુવાન બોલ્યો, 'એક એકદમ હોશિયાર સચોટ ભવિષ્ય જણાવનાર નજૂમીને મળી જાય તેની રાહ જોઉં છું.'શાયર ઈકબાલે પૂછ્યું, 'નજૂમીની રાહ શા માટે ??'યુવાન બોલ્યો, 'બસ સારો નજૂમી મળી જાય મારા ભાગ્યનો ખ્યાલ આપે કે ક્યાં મારું ભાગ્ય સાથ આપશે?

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

કયા ક્ષેત્રમાં સફળતા મળશે એ નજૂમી કહે એટલે બસ તરત કામ શરૂ કરી દઈશ.' શાયર ઇકબાલ હસ્યા અને બોલ્યા, 'એમાં નજૂમીનું શું કામ છે, તું જ તારો નજૂમી બન.'નાદાન યુવાન શાયર ઈકબાલના વાક્યમાં રહેલું ઊંડાણ ન સમજ્યો.' બસ ત્યારે જ યુવાનને અને સમાજને સાચી સમજ આપવા શાયર ઇકબાલે આ શેર લલકાર્યો.... ખુદી કો કર બુલંદ ઇતના કી હર તકદીર સે પહેલે ખુદા બંદે સે ખુદ પૂછે બતા તેરી રજા ક્યાં હૈ' યુવાને પૂછ્યું, 'આ શેર એનો અર્થ શું? શાયર ઇકબાલ બોલ્યા, 'અર્થ એટલો કે તું તારી અસ્મિતા, તારી શક્તિ કે તારી મહેનતને એટલી બુલંદ કર કે તારો પ્રત્યેક ભાગ્ય લેખ લખતા પહેલા ભગવાન તને પૂછે કે આ લેખ તને મંજૂર તો છે ને...'આ અર્થ સાંભળી યુવાન બોલી ઉઠ્યો, 'વાહ આ તો હતી ભવ્ય સ્થિતિ કહેવાય.'શાયર ઇકબાલ બોલ્યા, 'તો શેની રાહ જુએ છે? તું પોતે સ્થિતિ પર પહોંચી શકે છે.'યુવાન બોલ્યો, 'તો મને જલ્દીથી એ સ્થિતિ પર પહોંચાડો ત્યાં કઈ રીતે પહોંચાય તેનો રસ્તો દેખાડો.' શાયર ઇકબાલે કડક શબ્દોમાં કહ્યું, 'ભાઈ જો સાંભળ આ ભવ્ય સ્થિતિ પર જાતે જ પહોંચવું પડે આ કામ તારા વગર બીજું કોઈ નહીં કરી શકે. તું પોતે જ તારા જીવનનું જીવનની સફળતાનું સર્જન કરી શકીશ. તું જ તારા જીવનને પ્રગતિના માર્ગે લઈ જઈ શકીશ. આપણે બધા જીવનમાં પ્રગતિ માટે કંઈક કરી બતાવવા માટે ભાગ્યના સાથની, કોઈકના હાથની રાહ જોઈએ છીએ પરંતુ જાણતા નથી કે ખુદી તો કર બુલંદ ઇતના...' હંમેશા યાદ રાખજો કે આપણે જ આપણી સફળતાના સર્જક છીએ.

# આપણી આર્થિક હાલત નાજૂક હોય તે ગુનો નથી પણ આ ગરીબીનો સ્વીકાર ન કરવો તે ખોટું જરૂર છે

**શિક્ષણ-સંસ્કાર**

**કાર્તિકેય ભટ્ટ**

**સરકાર ગરીબી ઓછી છે એમ બતાવવા માંગે છે, લોકો પણ અમે ગરીબ છીએ તે છુપાવવા માંગે છે. આમાં ગરીબી પર સીધા હુમલાની વ્યૂહરચના ક્યાંથી થાય?**

એક સવર્ણ જ્ઞાતિના કુટુંબમાં પાંચ સભ્યો છે. માતા-પિતા આધેડ થવા આવ્યા છે બે જુવાન છોકરા હજુ ભણી રહ્યા છે અને નોકરી શોધી રહ્યા છે. ઘરડીમાં સાથે રહે છે. ઘરમાં કોઈ કામાતુ નથી. માને થોડું પેન્શન મળે છે, પપ્પા છુટક કામ કરે છે. મળે તો ઠીક ના મળે તો નવરા. ટૂંકમાં ઘરમાં કાયમી આવક નથી. આ કુટુંબ પાસે બી.પી.એલ. કાર્ડ નથી. દર મહિને ભરવા ઘરભાડું નથી. ભણતા છોકરાની ફી ભરવા રૂપિયા નથી. ઓળખીતા પાળખીતા પાસે થઈ રૂપિયા માંગી ઘર ચાલે છે. આમાં મોટી બીમારી કે અન્ય ખર્ચ આવી જાય તો દેવું થયા વગર રહે નહીં પણ મૂળ પ્રશ્ન એ કે ઉધાર-ઉછીના આપે પણ કોણ? પણ આ ઘરમાં ચેનલ છે. બધા જ સભ્યો પાસે મોબાઈલ છે મહિને એક વાર હોટલમાં જમવાનું અને છોકરાઓ મલ્ટિપ્લેક્ક્ષમાં જ ફિલ્મ જોવા જાય છે. આવક સાથે આ બધુ બંધ નથી બેસતું, પણ છે. સંકટ સમયે મદદ કરનારા ઘણીવાર કહે છે કે ભાઈ તમે ગરીબ છો એ વાત સ્વીકારો. બિન જરૂરી ખર્ચા ઓછા કરો. આપણે ઊંચા સવર્ણ જ્ઞાતિના હોઈએ તો શું થઇ ગયું? આપણે પણ બી.પી.એલ. કાર્ડ કઢાવવું જોઈએ. સરકારના રાહત દરે જે મળે છે તે વાપરવું જોઈએ અને નોકરી જે મળે તે પણ કાયમી ધોરણે સ્વીકારવી જોઇએ. જો તમે ગરીબી છે એમ સ્વીકારશો તો જ તેના ઉકેલ માટે કમર કસ્સો. છુપાવશો તો ઉકેલ નહીં આવે કડવી લાગે એવી વાત આ દેશને પ્રજા ને અને ખખડી ગયેલા ઘરને બહાર થઈ રંગી નવું હોવાની બનાવટ કરતી સરકારોને સચોટ લાગુ પડે છે. દેશનો નિમ્ન માધ્યમ વર્ગ ના પોસાય એવા ખર્ચ કરી રહ્યો છે, બજારવાદના વસ્તુવાદના, ઉપભોગવાદના રવાડે ચડેલો માનસ ના પોસાય તો પણ મોબાઈલ રાખે છે. માત્ર સ્ટેટસ માટે બાળકોને ખાનગી સ્કૂલોમાં ભણાવે છે. ચેનલોના મહિને ત્રણસો રૂપિયા ચૂકવે છે અને આ બધુ જ હવે પાયાની જરૂર થઈ ગયું છે એવા આશ્વાસનો પણ જાતે જ ઊભા કરે છે. જો આપણે પ્રમાણિકપણે આપણા ઘરનું બજેટ બનાવીએ તો દેખાય કે આપણે કેટલા બધા એવા ખર્ચ કરીએ છીએ જે ના કરીએ તો ચાલે. દેશમાં પીવાનું પાણી પહોચે એ પહેલા મોબાઈલ પહોચી ગયો છે જે બતાવે છે કે આપણે જરૂરિયાત અને મોજ શોખનો ફેર નથી પાડી સકતા.

શહેરીકરણના પાયામાં બિન જરૂરી સ્થળાંતર પણ એક મુદ્દો છે. શહેરો હવે બેકારો થઈ ઉભરાય છે.

શહેરમાં આવ્યા પછી રોજીંદા વાહન વ્યવહારમાં રૂપિયા ખર્ચાય છે. બેકારીનો સમય ઘરમાં બેસીને તો પસાર થતો નથી ને? સરકાર ગરીબી ઓછી છે એમ બતાવવા માંગે છે, લોકો પણ અમે ગરીબ છીએ તે છુપાવવા માંગે છે. આમાં ગરીબી પર સીધા હુમલાની વ્યૂહરચના ક્યાંથી થાય?

વ્યક્તિની જેમ સરકારો પણ ગરીબી છુપાવવામાં લાગી છે. નવા ગરીબો નોંધવા અને તેમને બીપીએલ કાર્ડ આપવા આપણા સરકારી તંત્રને ગમતા નથી કારણ કે એમ કરવાથી દેશમાં ગરીબોની સંખ્યા જાહેર થઈ જાય. સરકાર દેશમાં મોબાઈલ ધારકોના, ટીવી જોનારના, વાહનો ખરીદનારાના આંકડા જાહેર કરી દેશની પ્રગતિ જાહેર કરવા માંગે છે. દેશમાં ૨૪ કરોડ સાચા અર્થમાં ગરીબ છે જ્યારે બીજા ત્રીસ કરોડ ગરીબ છે પણ ગરીબી રેખા કરતા થોડું વધારે મેળવે છે. આપણે ગરીબીના વાર્ષિક આંકડા ભેગા કરવાની જરૂર છે કારણ કે રોજગારી અત્યંત અસ્થિર પરિબળ બની ગયું છે.

કરોડો યુવાનો એવી નોકારીયો કરી રહ્યા છે જેમાં આજે કામ છે અને અઠવાડિયા પછી નથી. આ વર્ષે આવક થાય અને આવતું આખું વરસ બેકાર એટલે કે ગરીબ જેમ વ્યક્તિએ તેમ સરકારે દેશમાં જે ગરીબી છે તેનો સ્વીકાર કરવો જોઈએ અને તે નાબૂદ કરવા સખત પગલા લેવા જોઈએ. આપણે બુલેટ ટ્રેન, સ્માર્ટ સીટી કે આધુનિકતાના રંગ રોગન પાછળ દેશની આવક ખર્ચી નાખવાની જરૂર નથી, આપણે બેકારી પર સીધો હુમલો કરવાની જરૂર છે. હજુ આપણે ખેત પેદાશોના ખરીદ-વેચાણની વ્યવસ્થા ગોઠવી શક્યા નથી. એક સમયે જે ડુંગળીના ભાવ વધારા માટે જબરદસ્ત રાજનીતિ થતી હતી, તે ડુંગળીના ભાવ અત્યારે સાવ ગગડી ગયા અને ખેડૂતોને રોવા વારો આવ્યો ત્યારે કોઈ રાજનેતા ડોકાતો નથી. કોઈ ચેનલો ચર્ચા ગોઠવતી નથી, કોઈ છાપાઓ લેખ છાપતા નથી.

સરકાર ઉજવણીમાં કરોડો રૂપિયા ખર્ચી રહી છે. પ્રધાનમંત્રી આવ્યા અને ગયા એમાં શહેરના રસ્તાઓ પર લાઈટોના ખર્ચા જોયા ત્યારે થયું કે આપણી સરકાર પણ પેલા સજ્જન જેવી જ છે. ખાવાના સાંસા છે અને મોબાઇલ, મલ્ટીપ્લેક્સ, હોટલોના ખર્ચા બંધ નથી થતા. સરકાર તો ઠીક આપણા અર્થશાસ્ત્રીઓ પણ હવે ગરીબી ભૂલી ગયા છે. પહેલા ભારતમાં ગરીબીના સંશોધનો થતા. કારનો અને ઉપાયોની ચર્ચા થતી અને સરકાર એ મુજબ પગલા જાહેર કરતી. દાંડેકરને રથના અભ્યાસો મિન્હાસના અભ્યાસો, આયોજન, પંચના અભ્યાસો. હવે તો આયોજન પંચ જ નથી રહ્યું તો અભ્યાસો કોણ કરાવે? ગુજરાતમાં પંચમહાલ, સાબરકાંઠા, સૌરાષ્ટ્રના અંતરિયાળ ગામોમાં અત્યારે પીવાના પાણીની સમસ્યા છે. આજે પણ ઊંચા શિક્ષણ માટે લાખો વિદ્યાર્થીઓ અપડાઉન કરે છે. આ ગરીબી નથી તો શું છે? આપણે પાયાના પ્રશ્નો ભૂલી ગયા છીએ કે આ નવા બજારમાં ભુલાવી દેવાયા છે.

ઓકે, સરકાર તો સુધરે ત્યારે ખરી પણ આપણે તો વિચારી શકીએ ને? જે જરૂરી હોય તે જ ખર્ચા કરીએ તો! ચાદર જેટલી જ ષોડ તાનીયે તો? આપણે ગરીબ હોઈએ તો ગરીબીનો સ્વીકાર કરી શકીએ? મોબાઈલ ચાર્જીંગના રૂપિયા પણ ના હોય તો મોબાઇલ છોડી શકીએ?.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ડિપ્રેશનથી દૂર રહો

શાળા કે કોલેજના વિદ્યાર્થીઓ પરીક્ષામાં નિષ્ફળતા, મનગમતી કારકિર્દી ન મળવી, અથવા નાની નાની બાબતોને કારણે ડિપ્રેશનમાં આવી પોતાનું જીવન ટૂંકાવી દે છે. ક્યારેક તો મોબાઈલના ઉપયોગ જેવી સામાન્ય બાબતો પણ જીવલેણ બની જાય છે. આ માત્ર વ્યક્તિગત સમસ્યા નથી, પરંતુ આખા સમાજ માટે ચિંતાજનક સ્થિતિ છે.આ પરિસ્થિતિના મૂળમાં જઈએ તો સમજાય છે કે આજની પેઢી સફળતા તો ઈચ્છે છે, પરંતુ નિષ્ફળતાને સ્વીકારવાની તૈયારી નથી. "નિષ્ફળતા એ સફળતાની ચાવી છે" – આ સત્યને આપણે સમજાવતાં તો છીએ, પરંતુ જીવનમાં ઉતારતાં નથી. આમાં માતા-પિતાની ભૂમિકા પણ મહત્વપૂર્ણ છે. સંતાનોને નાનપણથી જ દરેક માંગ પૂરી કરવાની ટેવ પાડવાથી તેઓ મુશ્કેલીઓને સહન કરવાની શક્તિ ગુમાવે છે. પરંતુ માત્ર પરિવાર જ નહીં, આજના સમયમાં સોશિયલ મીડિયા, પિયર પ્રેશર અને તુલનાની વૃત્તિ પણ ડિપ્રેશન વધારવામાં મોટો ફાળો આપે છે. બીજાની સફળતા જોઈને પોતાની જાતને નાપાસ ગણવાની માનસિકતા યુવાનોને અંદરથી ખાઈ જાય છે. એકલતા અને વાતચીતનો અભાવ આ સમસ્યાને વધુ ગંભીર બનાવે છે. આ સમસ્યાનો ઉકેલ માત્ર સમજણમાં નથી, પરંતુ અમલમાં છે. બાળકોને નાનપણથી જ મહેનત, ધૈર્ય, સકારાત્મકતા અને પરિસ્થિતિ સ્વીકારવાની શક્તિ શીખવવી જોઈએ. માતા-પિતાએ સંતાનો સાથે મિત્રતાપૂર્વકનો સંવાદ રાખવો જોઈએ, જેથી તેઓ પોતાની સમસ્યાઓ ખુલ્લેઆમ શેર કરી શકે. શાળાઓ અને કોલેજોમાં કાઉન્સેલિંગ અને માનસિક આરોગ્ય અંગે જાગૃતિ વધારવી પણ સમયની જરૂર છે. સૌથી મહત્વની વાત એ છે કે જીવનમાં સારા અને ખરાબ બંને પ્રસંગો આવે છે – અને આ બંનેને સ્વીકારીને આગળ વધવું જ સાચી સફળતા છે. એક નિષ્ફળતા જીવનનો અંત નથી, પરંતુ નવી શરૂઆત કરવાની તક છે.

સુરત - સીમા પરીખ

## પોલીસે પકડેલા ડ્રગ્સ ક્યાં જાય છે?

હમણાં છેલ્લા થોડા સમયથી ગુજરાત પોલીસ ડ્રગ્સ વિરુદ્ધ ઝુંબેશ ચલાવી રહી છે. ઘણી વખત દરિયાકાંઠે કે સીમા ઉપરથી ડ્રગ્સનો જથ્થો પકડાયો હોવાના સમાચાર આવે છે. પરંતુ આ ડ્રગ્સ કોણે મોકલ્યું? કોણ ડિલિવરી લેવાનું હતું? તે આજ દિન સુધી ખબર પડતી નથી. કેગનો અહેવાલ જણાવે છે કે ગુજરાત પોલીસની એજન્સી ઓગસ્ટ ૨૦૧૦ થી નવેમ્બર ૨૦૨૨ સુધી આશરે બાર વરસ દરમિયાન કુલ ૬,૫૧૦ ,૫૪ કિલો ડ્રગ્સ અને ૮૪૮ બોટલ ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો હતો

સી. આઈ. ડી. ક્રાઈમે ઓગસ્ટ ૨૦૧૧ નવેમ્બર ૨૦૨૪ સુધી આ ડ્રગ્સનો નિકાલ કર્યો જોકે ઓક્ટોબર ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨૩ દરમિયાન નિકાલ કરાયેલો જથ્થો ૪,૧૭૭,૮૬ કિલો નોંધાયો હતો. આમ તેમાં જપ્ત કરાયેલા જથ્થા કરતા ૨,૩૩૨,૬૮ કિલો એટલે કે ૩૫ ટકા જથ્થાનો તફાવત હતો. ગૃહવિભાગે ખુલાસો પુછતા ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું છે કે લગભગ ૧૪૪ ,૧૮૦ કિલો ગાંજો તેમાંથી ચોરી થઈ ગયો અને બાકીનું ડ્રગ્સ ઉંદરો ખાઈ ગયા. આ ઉપરાંત ગાંજો અને અફીણ લાંબો સમય સુધી પડી રહ્યો હોવાથી તેમાંથી ભેજ શોષાઈ ગયો હોવાથી વજનમાં ઘટ પડી રહી છે. કેગે અહેવાલમાં વધુમાં જણાવ્યું હતું કે આટલા મોટા જથ્થામાંથી આંશિક જથ્થાની ઘટ સ્વાભાવિક છે પણ આટલો મોટો તફાવત વિચાર માંગી લે એવો છે. ડ્રગ્સ પોલીસ સ્ટેશનના નકામા ઓરડામાં રાખવામાં આવે છે. ૧૨ વરસમાં ૨૩૩૨ કિલો જથ્થાની ઘટ પડી રહી છે.૬૫૧૦ કિલો જપ્ત સામે ૪૧૧૭ કિલો નિકાલ કર્યો. જપ્ત અને નિકાલમાં મોટો તફાવત સામે આવ્યો છે .આપણે જપ્ત કરાયેલા જથ્થાને બરાબર સાચવવાની જરૂર છે. અથવા તો આ જથ્થો જે રાજ્યમાં કાયદેસર વેચાતો હોય ત્યાં વેચી કાઢવો જોઈએ.

સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા

## ભારતમાં ઐતિહાસિક ઘટના

ભારતમાં ચર્ચા આર્થિક સામાજિક અને રાજકીય દબાણનો સામનો કરી રહ્યો હોય તેવા સમયે અને ભારતના ઈતિહાસમાં પ્રથમ વાર આવી ઘટના બની રહી છે. જેમાં દલિત વ્યક્તિને CBCI નાં વડા તરીકે પસંદ કરવામાં આવ્યા છે ( કેથોલીક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા ના દલિત પાદરી બન્યા છે. સર્વોચ્ચ સામુહિક પદ પર બિરાજમાન કાર્ડિનલ પૂલા એન્થોની ત્રિશુરના આર્કબીશપ એન્ડ્રુસ થાઝથું નું સ્થાન લેશે. આ 37મી જનરલ બોડી મિટિંગમાં નિર્ણય લેવાયો છે. આ પાદરી પાસે લઘુમતીના અધિકારો ધાર્મિક સ્વતંત્રતા જેવા મુદ્દા પર ભારતીય ધાર્મિક સ્પર્ધા સામે ટકવાની ખેવના રાખવામાં આવી છે. 15 નવેમ્બર 1961 ના રોજ કુરનૂલના પોલુંરૂમાં જન્મેલા કાર્દીનલ બેંગ્લોર સેન્ટ પીટર્સ પોન્ટીફિકલ સેમિનરીમાં ( પટ્સટલી સ્ટડીઝ ) નો અભ્યાસ કર્યો છે 20 ફેબ્રુઆરી 1992 ના રોજ પાદરી તરીકે પસંદગી કરીને કાર્યકર્તા રહ્યા છે. આજની ઘડી મોટી જવાબદારી આપવામાં આવી છે તેમણે ગ્રામીણ આંધ્ર પ્રદેશમાં પેરિસ વિકાર અને પેરિસ પાદરી સહિત અનેક ભૂમિકાઓ ભજવી છે. ઘણા અનુભવો મેળવ્યા છે. તેમની ખરી કસોટી આ સંસ્કારી અને ભારતની મોટી પાર્ટી ભાજપા સામે ભિન્ન ભિન્ન વિચારથી માંગણીઓ માંગવી પડશે. આ વિસ્તારમાં જ થોડા સમય પહેલા હાઈકોર્ટનો ચુકાદો સમર્થિત કરતો સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે નબળા વર્ગના લોકો હિન્દુ શીખ બૌદ્ધ સિવાય અન્ય ધર્મ નું પાલન કરશે તો ભારતીય બંધારણ મુજબ તેમના હકો છીનવાઈ જશે. તો સવાલ અહીં એ થાય છે. ટૂંક સમયમાં દલિત અને નબળા વર્ગ પણ બ્રાહ્મણ ની રીત કરી શકશે.? આવી ઘટના પરથી નવી કહેવત બને છે. જળ જમીન છોરું અને ધર્મ આજની પરિસ્થિતિના મોટા કજીયાના છોરું છે. જો આ જ પરિસ્થિતિ પ્રમાણે કાયમ વિવાદ ચાલ્યો રહ્યો હતો. આરોગ્ય શિક્ષણ પ્રાથમિક સુવિધા ગૌણ બની જશે. અને છેક ગામડામાં પણ ધર્મનો ઝંડો પકડીને ભણેલા નાગરિકો આઝાદ ભારતમાં અભણ ગુલામ જેવા દેખાતા વાર ન લાગશે.

તાપી - હરીશકુમાર ચૌધરી

## તળસુરત ના વિસ્તારમાં એક નામની શેરીઓ

શુક્રવારના સિટી પલ્સ પૂર્તિમાં નવા વિસ્તારના નામોની માહિતી રસપ્રદ રહી.સુરત એટલે શેરીઓ નું શહેર. સુરત કોટ વિસ્તારમાં પણ એક નામની અલગ અલગ પરાઓ માં શેરીઓ આવેલી છે. તો જાણીએ સુરત કોટ વિસ્તારમાં આવેલી એક નામની શેરીઓ ના નામ.ખાંગડશેરી સલાબતપુરા,સગરામપુરા અને બેગમપુરા જેવા ત્રણ વિસ્તારમાં આવેલી છે.વચલી શેરી સલાબતપુરા અને નવાપુરા માં,મોમનાવાડ સલાબતપુરા અને ગોપીપુરા માં,માછીવાડ સલાબતપુરા અને નાનપુરા માં,ચોકીશેરી સલાબતપુરા અને બેગમપુરા માં,લાલવાડી સલાબતપુરા અને સગરામપુરા માં,વાણીયાશેરી બેગમપુરા અને મહિધરપુરા માં,ખરાદી શેરી બેગમપુરા અને મંછરપુરા માં,થોભા શેરી સગરામપુરા અને મહિધરપુરા માં,દાળિયા શેરી મહિધરપુરા અને નવાપુરા માં આવેલી છે.

સુરત - કિરીટ મેઘાવાલા

# હમ તો ઠહરે ઉપવાસી....!

**મંગલ મસ્તી**

**રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'**

**સાલું 'મુઠ્ઠી જેટલું હૈયું ને ખોબાભર પેટ, પણ ભારે કરાવે વેઠ. શરીરના કોઈ પણ અંગ સાથે માનવી ઉપવાસમાં તો સમાધાન કરી લે, પણ પેટની વાત આવે એટલે લાચાર**

શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કારીગરો લાવીને, ભગવાને કેવી સરસ પૃથ્વી બનાવી છે? અહીંથી Return થવાનું મન નહિ થાય એવી..! પ્રભુને રાજી રાખવા પડે, એવું જ્યારથી જાણવા મળ્યું ત્યારથી, ચમનિયાને પણ ઉપવાસ કરવાની ઈન્દ્રિય જાગૃત થયેલી, કે ઉપવાસ પણ એક પ્રાર્થના છે. દરેકને એક ઈચ્છા તો હોય, કે, પૃથ્વી ઉપર લાંબુ ટકાય તો મઝા આવી જાય ને પ્રભુના કૃપાગુણ પણ મળે પણ ઉપવાસમાં આધ્યાત્મિક ભાવ પણ જોઈએ. માત્ર પેટની દુકાન બંધ કરવાથી ભગવાન તો ઠીક, વૈતાલ પણ નહિ આવે. ઉપવાસ રાખવાથી, આધ્યાત્મિક તાકાત વધે અને કેટલા કિલો ભૂખ સહન થાય, એનાં લેખાં-જોખાં પણ મળે. પેટના ઘેરાવા ઘટે તે ઊચકામાં..! ઉપવાસ એટલે, હરિની નજીક રહેવાનો ગેરેન્ટેડ Shortcut..! પણ ઉપવાસ કરવાથી, પેટની દશા તો બેસે અને શરીરની સઘળી ઈન્દ્રિયો સામુહિક હડતાળ ઉપર જાય એવું પણ બને. કહેવાય નહિ..! રીયાઝ વગર જેમ સંગીતકાર થવાતું નથી, એમ ઉપવાસનાં પણ રીયાઝ કરવા પડે બોસ..! નહિ તો, ઉઘાડા પગે ચાલતાં ચરોતર જતાં હોય, તેવી વેદના થાય. પેટનો સવાલ છે ને..? ભૂખ્યા પેટે ભોજન તો ઠીક, ભૂંજ્યો પાપડ ભાંગવા પણ તાકાત ના હોય..! એમાં જો જઠરાગ્નિ જાગ્યો તો, વાણી, વર્તન, વિચાર ઉપર આતંકવાદીએ કબજો લીધો હોય એવી હાલત થઈ જાય. મચ્છર મારવા પણ બંદૂક કાઢવી પડે!

સાલું 'મુઠ્ઠી જેટલું હૈયું ને ખોબાભર પેટ, પણ ભારે કરાવે વેઠ. શરીરના કોઈ પણ અંગ સાથે માનવી ઉપવાસમાં તો સમાધાન કરી લે, પણ પેટની વાત આવે એટલે લાચાર..! બાંધછોડના રસ્તા શોધવા માંડે. જેની પાસે હાસ્યની ભરચક મૂડી છે, એને ઉપવાસનાં દુઃખણાં ખાસ નડતાં નથી. કારણ હાસ્ય એ જીવન જીવવાની જડીબુટ્ટી છે. જેની પાસે હાસ્ય છે, એ આ જગતનો શ્રેષ્ઠ શ્રીમંત છે. હાસ્યનો દુકાળ હોય તો, જીવવા માટે વેન્ટીલેટરનું મશીન, કેડે બાંધીને પણ મુસાફરી કરવી પડે. એટલે તો વડવાઓ કહી ગયેલા કે, "હસતો રહે એ સૌમાં વસતો રહે..!" આજકાલ જગતમાંથી શાંતિ-હાસ્ય-ધર્મ-ઉપવાસ વગેરે વીલાતું ચાલ્યું ને તેનાં સ્થાન યુદ્ધોએ લેવા માંડ્યાં. ઈઝરાઈલ-ઈરાન-યુક્રેન-રશિયા કે અમેરિકા જેવા આખલાઓ એવા બાઝે છે કે, તેના કારણે ભારત માટે, તેલ અને ગેસ પણ ગાયબ થઈ ગયાં. રડારોળ થઈ ગઈ..! આપણે રહ્યાં ભારતનાં સંતાન. ભારત એટલે ભગવાનની માતૃભૂમિ..! સંતો, મહંતો, ઋષિઓ અને અવતારી પુરુષોનાં વારસદાર, એટલે પહેલેથી જ ઉપવાસના માર્ગે વળેલાં. તમાચો મારીને પણ ગાલ લાલ રાખવાનું શીખેલાં. ભગવાને પોતે પણ ભારતમાં જનમ લીધેલો ને, આપણને પણ આપેલો અને અખંડ ભારતના ટ્રસ્ટી બનાવેલા. વિચાર તો કરો, એક દેશમાંથી બીજા દેશમાં જવું હોય તો, વિઝા માટે પણ અમુક લોકો તો, ઉપવાસ રાખે છે. ભગવાને તો વગર વિઝાએ પૃથ્વી ઉપર પાર્સલ કરેલાં તે પણ ભારતમાં, ને ગુણવંતી ગુજરાતમાં..! થોડાંક ઉપવાસ કરીને, હરિ-સ્મરણ કરીએ તો ઘસાઈ નહિ જવાય. શું કહો છો ચમના..? ખાડી પારના દેશોમાં ઉપવાસને તો છોલે ભગો દાજી, આજકાલ શાંતિ પણ મરવા પડી ..! એને કોણ સમજાવે કે, રાખવા હોય તો યુધ્ધના પણ ઉપવાસ રખાય..! પણ નિયમ પાળે કોણ? જેને ધાકમાં રાખવાની ફાવટ છે, એને ઉપવાસનાં કપરાં ચઢાણ અઘરાં પડે. આમ પણ સ્વાર્થની વાત આવે ત્યારે, બુદ્ધિ બેભાન બની જાય. એક વાત છે, ભૂખ્યો જણ ભલે સમર્થ લેખક કે સાહિત્યકાર નહિ બને, પણ અધકચરો કવિ કે ફિલોસોફર તો બની જાય. ભૂખ બૂરી ચીજ હૈ મામૂ..! પછી એ ગમે તે પ્રકારની હોય..! કોઈ શત્રુને ચકરડે ચઢાવવો હોય તો, ઉપવાસના રવાડે ચઢાવી દેવાનો..! ધેટ્સ ઓલ..! ભગવાન જેવા ભગવાન રીઝી જાય, તો શત્રુ કયા ચીજ હૈ..? કહેવત છે કે, 'જેને કોઈ નહિ પહોંચી વળે એને પોતાનું પેટ પહોંચી વળે..!' અમુક મોટા ઉપાડે, ઉપવાસ રાખવા તો જાય, પણ ઘડિયાળના કાંટા જેમ જેમ આગળ વધે એમ,પેટ બંડ પોકારવા માંડે કે, "હમારી માંગે પૂરી કરો..!" પછી ચહેરો નિસ્તેજ થવા માંડે. કોહીનુર જેવા ચહેરાનું નૂર ઊતરવા માંડે. દિલદાર માણસ પણ દાંતિયા કરવા માંડે..! અને ફળાહારનો વિકલ્પ શોધી કાઢે..! ઉપવાસના મારણમાં, શિંગોડા-રાજગરાનો શીરો, સાબુદાણાની ખીચડી, મોરૈયો, જ્યુસ કે વિવિધ ફળો અને તેનાં રસ ૧૦૮ ની જેમ હાજરાહજૂર થવા માંડે અને પેટ 'પેક' કરવા માંડે. ફળાહારનો ધોધમાર અભિષેક એવો થાય કે, ઉપવાસ પણ ખાધનો Food festival બની જાય..!

ચમનિયાનું કહેવું છે કે, મને સંત તુલસીદાસજીએ શમણામાં આવીને કહેલું કે, 'વાર તહેવાર તિથિએ એકટાણાનાં ઉપવાસ પણ રાખવાના. પછી એ તહેવાર રામનવમી હોય, જન્માષ્ટમી હોય કે,માતાજીના નોરતાનો હોય. ઉત્સવ પણ કરવાના ને ઉપવાસ પણ રાખવાના..!' બધી વાત બરાબર પણ જેને ખાધમાં જ ભક્તિની પરંપરા દેખાતી હોય, એ પેટને ચીમળાવા દે ખરો? રોજની ખાધ કરતાં ફરાળી વાનગીનો ઉપાડ વધી જાય. પછી 'સ્ટેટસ'પણ મૂકે કે, 'હમ તો ઠહરે ઉપવાસી, વાસી નહિ ખાયેંગે ..! પણ રસોડું જેવું મઘમઘવા માંડે એટલે પેટને બળાપો થવા માંડે. નાકની ઘ્રાણેન્દ્રિય તેજ બની જાય. એવા ટાવર પકડે કે, ઉપવાસ ઉપહાસ બની જાય.પછી જેવી જેવી વાનગી..! ઉપવાસ ઉપર પણ બુલડોઝર ફરવા માંડે. ભરોસો નહિ..!

બાકી, આમ જુઓ તો ચમનિયો, ધાર્મિક તો બહુ..! રામ નવમીએ માત્ર ભગવાન શ્રીરામને જ પગે લાગવા જાય એવું નહિ, ગામમાં જેટલા રામભાઈ રહેતા હોય, એ બધાને દંડવત્ પ્રણામ કરી આવે. બસ, ભૂખે રહેવાની વાત આવે ને ટાઢિયો ભરાય..! શ્રી રામ જાણે આ વખતની રામનવમીએ કોણે ફૂંક મારેલી તે, રામનવમીનો નકરડો ઉપવાસ રાખેલો, એવો સંકલ્પ કરેલો કે, 'ખુદ રાવણ આવીને ગડદાપાટુ કરે તો પણ, ઉપવાસમુક્ત નહિ બનું..! હવા-છીંક-ઉધરસ-બગાસાં-ધોખા-હીંચકા બધું ખાઈશ, પણ અન્નનો દાણો નહિ મૂકું. પણ જેવો પ્રહર ચઢતો ગયો ને પેટ બરાડા પાડવા માંડ્યું એટલે ફાંસીની સજા સાંભળીને કેદીનો ચહેરો નિસ્તેજ થઈ જાય, એમ ચમનિયાનું પેટ ચચરવા માંડે. પણ ચંચી એવી ચુસ્ત હિન્દુવાહિની કે, ઉપવાસ તોડવાની વાત કરે તો, ચમનિયાને પણ ધોઈ નાંખે. ચંચી એટલે 'ટ્રમ્પ જેવી લેડી..! તરત ત્રાડ નાંખે કે, 'ઉપવાસ કરવાનો એટલે પૂરો કરવાનો અને શ્રધ્ધાથી કરવાનો...! એવું નહિ કે, ઉપવાસના નામે, 'નંદ ઘેર આનંદ ભયો'ની માફક ખાધની લહેરખી માણવાની..! વધારે મગજમારી કરે તો ચમનિયાને ટપલી-દાવ પણ કરી નાંખે, પણ ઉપવાસ નહિ તોડવા દે..! ખાવાની વાત આવે તો છીંક પણ નહિ ખાવા દે..! એટલી ચુસ્ત..! ચોખ્ખું ચોપડાવી દે કે, ઉપવાસ એટલે શાંતિ અને આત્મનિયંત્રણ માટેની ક્રિયા..! ફરાળી ભોજન ઠાંસીને ખાવાનો મહોત્સવ નથી..! એના કપાળમાં કાંદા ફોડું..!

**લાસ્ટ બોલ**

લોકો વોચમેન રાખે, કૂતરા પાળે, ત્યારે ચમનિયાએ મચ્છર મારવા માટે ઘરમાં નોકર રાખેલો.એક રાતે ચમનિયાનાં કાન આગળ એક મચ્છર ગુનગુન કરતું આવ્યું. એટલે નોકરને બોલાવીને ખખડાવ્યો. તને મચ્છર મારવા માટે રાખેલો, છતાં મારા કાન આગળ મચ્છર ક્યાંથી આવ્યું?

નોકર કહે, "શેઠ..! મચ્છર તો મેં એક પણ જીવતું રહેવા દીધું નથી. તમારા કાન આગળ ગુનગુન કરી ગઈ એ કદાચ, મચ્છરને કારણે વિધવા થયેલી મચ્છરી , આક્રંદ કરતી આવી હશે..!

તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.